(૧). આ કામમા પોલીસ દ્રવારા આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડ કલમઃ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલ ક્રિ. પ્રો. કોડ કલમઃ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી આજરોજ હાજર છે અને આજરોજ આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ, આરોપીની ચાર્જશીટ મુજબ ના ગુના માટે પ્લી/ નિવેદન લેતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપી તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ અને સજા કરવા જણાવે છે, એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં, આરોપીને હળવી દંડ રુપી સજા કરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

આરોપીને ઈ.પી.કોડ કલમઃ ૨૮૩ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી રુા. ૧૦૦/–(અંકે રુપીયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને દિવસ–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

(કુ.શબાના અબ્દુલકાદર મનસુરી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૧૦૨૪

તા.૨૬/૦૬/૨૦૨૨